આપણામાંથી ઘણાને પૈસા વિષયે ખોટા વિચારો કે માન્યતાઓ હોય શકે છે. જે જાણતાં કે અજાણતાં તેમના ચેતન અથવા અવ-ચેતન, મનમાં સમૃદ્ધી ઉર્જાને અવરોધિત કરી શકે છે, જે તેમના જીવનમાં સમૃદ્ધિનો પ્રવાહ રોકશે.

આ સમૃદ્ધી અભીકથન, સમૃદ્ધિને લાગતા અવરોધોને દૂર કરે છે, તથા આપવા અને વહેંચવાના અભ્યાસને પ્રેરિત કરે છે અને જીવનમાં સમૃદ્ધી, સંપતિ અને ધનને આમંત્રિત કરે છે.

<u>વાંચન કરતી વખતે:</u>
સહજતાથી સીધા ઉભા રહો.
જીભના છેડાને તાળવા પર અડાડી રાખો (ખેચરી મુદ્રા).
અભીકથનના ટોચ પર રહેલા પ્રતીકને જુઓ અને અભીકથન વાંચો.

<u>હાથ ની સ્થિતિ</u>: અંગુઠા અને મધ્યમ(સૌથી મોટી) આંગળીના ટેરવાને એક સાથે અડાડીને રાખો. (સમૃદ્ધી મુદ્રા) અને સાથે સાથે ૧૪ સહજ ઉઠક-બેઠક કરો.



ખેચરી મુદ્રા　　　　નાણાં મુદ્રા



Copyright @ All rights reserved

# સમૃદ્ધિ અભીકથન

www.pranaviolethealing.com

Copyright @ All rights reserved

Gujarati

ધન શુભ છે. (૨ વખત)
ધન ખુબ ખુબ શુભ છે. (૨ વખત)
મને ધનની આવશ્યકતા છે. દરેક વ્યક્તિ ને
ધનની આવશ્યકતા છે.
દરેક પરિવાર ને ધનની આવશ્યકતા છે.
દરેક દેશને ધનની આવશ્યકતા છે.
સંપૂર્ણ વિશ્વને ધનની આવશ્યકતા છે.

ધન તમે સર્વસ્વ છો. ધન તમે સ્વાસ્થ્ય છો.
ધન તમે શિક્ષા છો. ધન તમે પ્રસન્નતા છો.
ધન તમે આનંદ છો.
ધન તમે બધા જ માટે ખુબ મહત્વપૂર્ણ છો.
ધન તમે મારા માટે ખુબ જ મહત્વપૂર્ણ છો.

આપવાથી જ મળે છે. જે પણ હું આપું છું,
એનાથી અધિક મને મળે છે. જેમ વધારે મને
મળે છે, તેમ વધારે હું આપું છું. એ ઈશ્વરનો
નિયમ છે.

હું પૈસા આપું છું, મને પુષ્કળ પૈસા મળે છે.
હું અન્ન આપું છું, મને પુષ્કળ અન્ન મળે છે.
હું પ્રેમ આપું છું, મને પુષ્કળ પ્રેમ મળે છે.


Copyright @ All rights reserved

મને જે કાંઈ પણ મળે છે, એ હું વહેંચી રહ્યો છું
અને આપી રહ્યો છું. હું જે કાંઈ પણ વહેંચી રહ્યો
છું અને આપી રહ્યો છું, તે પુષ્કળ પ્રમાણમાં
ઈશ્વર મને આપશે. એ ઈશ્વર નો નિયમ છે.

ધન તમે નદીની જેમ મારી તરફ પ્રવાહિત થાઓ.
ધન તમે મારા પર વરસાદની જેમ વરસો.
ધન તમે મારા તરફ ધોધની જેમ વહો.
હું ધન થી સંપન્ન છું.

હે ઈશ્વર તમે મને, મારા પરિવારને,
મારી કંપની / પેઢી / ઓફિસને પુષ્કળ સમૃદ્ધિ,
પુષ્કળ સંપતિ અને પુષ્કળ ધનના આશીર્વાદ
આપો. હે ઈશ્વર તમે દરેક વ્યક્તિને, દરેક
પરીવારને, દરેક દેશને, પુષ્કળ સમૃદ્ધી, પુષ્કળ
ઉર્જા, પુષ્કળ સંપતિ અને પુષ્કળ ધનના
આશીર્વાદ આપો.

ઈશ્વર દરેક નું જીવન આનંદ, પ્રસન્નતા,
ધન-દોલત અને સ્વાથ્યથી પરિપૂર્ણ રહે.
હે ઈશ્વર આપના આશીર્વાદ બધાં ઉપર
વરસતા રહે.

હે ઈશ્વર આપનો આભાર આભાર આભાર.


Copyright @ All rights reserved